## રાગ:- ધન ધન મુનીવરા

।। જય જય સૂરિવરા જય જય સૂરિવરા
જયઘોષ સૂરીશ્વરા જય જય સૂરિવરા ।।

* જય જયઘોષ સૂરીવરાજે જિનશાસનના ધોરી
તારણહારા જસ પાદ પદ્મમાં ભાવે વંદના મોરી.... 1

* જેનું જીવન ઉચ્ચ આલંબન ભવ્યોને આદેય,
ભાવે સિદ્ધાંત દિવાકર શ્રી નું ગાઉં ગુણિયલ ગેય.... 2

* અષાઢ વદી બીજ મંગળવારે મુંબઈમાં મનોહાર,
કાંતા બાની કૂખે અવતરીયા ઝળહળ થતાં જવાહર....3

* ઓગણીસસો બાણુંનો તે મંગળ ધન્ય-ધન્ય ચોઘડીયો,
મફતભાઈ હાથે શાસનનો રત્ન ચિંતામણી જડીયો....4

* બે હજાર છ ભાયખલામાં પૂજ્ય પિતાની સાથે,
સોંપી આજીવન આજીવનની લગામ ગુરુના હાથે....5

* વૈશાખ વદ છઠ આદીશ્વરની પાવન છત્રછાયામાં,
સૂરિ પ્રેમ સહારે પ્રવેશ્યા નિર્મળ સંયમની દુનિયામાં....6

* પિતા મુનિ શ્રી ધર્મઘોષના શિષ્ય બન્યા જયઘોષ,
સર્વસ્વ ધર્યું ગુરુમા ના ચરણે ટાળ્યા આંતરદોષ....7

* આતમના પ્રત્યેક પ્રદેશે ગુરુની આણ વસાવી
અદ્દભૂત વિનય સાધીને જેને અહંમતિને હટાવી....8

* કુતૂહલ વૃત્તિથી થઇ વિરતરત રહેતા જે સ્વાધ્યાયે,
ઈચ્છા-આસક્તિ અળગી છંડી ગુરુ આણા મન ધ્યાવે....9

* પરભાવોથી પર થઈ કીધો અવિરત શ્રુત અભ્યાસ,
ને આગમાદિ શાસ્ત્રોનો હૃદયે કર્યો ચિરંજીવી ન્યાસ....10

* અઠંગ કીધી જ્ઞાનસાધના છંડી વિષય પ્રમાદ
તન્મયતા ધરી સ્વાધ્યાયે કીધો ચિદાનંદ રસસ્વાદ....11

* સંશોધન-સંપાદન-સર્જન-શાસ્ત્રાધ્યયને વ્યસ્ત,
જે થયા સ્વયં જ્ઞાનાલય સરિખા આપ સ્વભાવે મસ્ત....12

* વૈયાવચ્ચ-વૈરાગ્ય-વિનયથી આત્મિક શુદ્ધિ સાધે,
વિદ્યા-વિવેક સંપન્ન મુનિશ્રી સિદ્ધિમાર્ગ આરાધે....13

* શ્રી પ્રેમસૂરિના હૃદયે કીધો જેણે અવિચલ વાસ,
સૂરિ ભુવનભાનુ ના પટ્ટ વિભૂષક પદ્મવિજય ના દાસ....14

* અનન્ય ભક્તિ કરીને ગુરુના અનહદ આશિષ પામ્યા,
અનુપમ સમર્પણે આજે જેના પુણ્ય જગતમાં જામ્યા....15

* યોગ્ય જાણી જયઘોષ મુનિને ગણિપંન્યાસ બનાવ્યા,
સૂરિ ભુવનભાનુએ 2040માં સૂરિપદે શોભાવ્યા.... 16

* ઓગણપચાસે ગોરેગામમાં જવાહરનગરે સાર,
થયા ગચ્છપતિના પદે વિભૂષિત વર્ત્યો જયજયકાર....17

* જ્ઞાનતેજથી દીપે સૂરિજી પ્રસન્નતાના દરિયા,
ને પવિત્રતાના પુંજ ગુરુવર શાંતિ-સમાધિ વરિયા....18

* અંતર્મુખતા તો એવી કે યોગી ને પણ શરમાવે,
અધ્યાત્મ વિલાસી ગુરુમૈયા અમ દુર્ગુણ-દોષ શમાવે....19

* જે જિનશાસનમાં પ્રભાવવંતા શ્રેષ્ઠ પદે આરૂઢ,
પણ અંતરથી તો પરમ નિસ્પૃહી ઉપશમ રસે નિગૂઢ....20

* સૂરિ પ્રેમનું બ્રમ્હચર્ય સૂરિ ભુવનભાનુનું જ્ઞાન,
જે શ્રમણભક્તિમાં પદ્મવિજય સમ ત્રિવેણી સંગમ સ્થાન....21

* ધન્ય બન્યું આ જીવન અમારું પ્રગટ્યું નિર્મળ પુણ્ય,
આવા કળિકાળે મળિયા અમને ગીતારથ મૂર્ધન્ય....22

* એંશીમાં જન્મોસ્તવે હું આજે મંગલકામના કરતો,
જુગ-જુગ જીવો ઓ વ્હાલા ગુરૂવર જગજયવંતા વર્તો....23